


## પાલનપુર એરોમાં સર્કલે લગાવેલ ટ્રાફિક સિગ્નલો શોભાનો ગાંઠીયો : ટ્રાફિક સમસ્યા યથાવત

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં એરોમાં સર્કલની ટ્રાફિક સમસ્યા શહેરીજનોના માથાના દુ:ખાવા સમાન બની છે. જો કે એરોમાં સર્કલ એ એવું સર્કલ છે કે, જેને નેશનલ હાઈવે તેમજ સ્ટેટ હાઇવે મળતો હોવાથી આ સર્કલ પર મોટા પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહે છે, તેમજ દિવસના હજારો વાહનો પસાર થાય છે. આ ટ્રાફિકને કારણે અગાઉ અનેક લોકોની જિંદગી પણ હોમાઈ ચૂકી છે અને તેને જ કારણે આ ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવા પાલનપુરના શહેરીજનો દ્વારા એક જન આંદોલન છેડાયું હતું. જો કે તે બાદ સરકાર દ્વારા પાલનપુરને બાયપાસ આપવાની જાહેરાત સાથે એરોમાં સર્કલ પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા લાખોના ખર્ચે ટ્રાફિક સિગ્નલોનું ફીટીંગ તો કરી દેવાયું, પરંતુ સિગ્નલો ફિટ થયા બાદ ૪ મહિનાથી વધુ સમય વીતવાં છતાં હજુ સુધી તેનું સંચાલન ન કરાતા લાખો રૂપિયાના ખર્ચે નાખાયેલા સિગ્નલો શોભાના ગાંઠીયા સમાન બન્યા છે.જેથી ટ્રાફિક સમસ્યા ખોરવાઈ ગઈ છે.

### ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સ્થાન

# અરવલ્લી જિલ્લાને પ્રથમવાર ભાજપ સરકારમાં પ્રધાન પદ મળ્યું

બાયડ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. અરવલ્લી જિલ્લાની મોડાસા વિધાનસભા બેઠક ઉપર ભાજપએ વર્ષો પછી ઐતિહાસિક વિજય મેળવતાં ચૂંટાયેલા ધારાસભ્ય ભીખુસિંહ પરમારને ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સ્થાન મળ્યું છે. જિલ્લાને પ્રથમવાર ભાજપની સરકારમાં પ્રધાન પદ મળ્યું હોવાની ગૌરવપૂર્ણ ઘટનાથી સમગ્ર જિલ્લામાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. છેલ્લી ૨ ટર્મથી વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસ સતત વિજયી થતી આવી હતી પરંતુ આ વખતે ભાજપાએ વિજય મેળવ્યો તે સાથે જ જિલ્લાને પ્રધાન પદ મળવાની ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ હતી તે સાર્થક થયા પછી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ધારાસભ્ય ભીખુસિંહ પરમારે રાજ્ય કક્ષાના મંત્રી તરીકે



શપથ લેતાં તેમના સમર્થકો અને ટેકેદારો ખુશીથી ઝૂમી ઉઠ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૭ વર્ષથી ભાજપનું શાસન ચાલી રહ્યું છે તેમ છતાં મોડાસા વિધાનસભા બેઠક ઉપર ૨ ટર્મથી કોંગ્રેસનો દબદબો રહેતો આવ્યો હતો. વિધાનસભાની દરેક ચૂંટણીઓમાં આ બેઠક ઉપર કબજો જમાવવા માટે ભાજપા દ્વારા તમામ પ્રકારની કુનેહ અપનાવવામાં આવતી હતી છતાં અરવલ્લીની મોડાસા વિધાનસભા બેઠક કોંગ્રેસનો ગઢ સાબિત થઈને રહી ગઈ. જો કે આ વખતે મોડાસા વિધાનસભા બેઠક ઉપર ભાજપાએ ભીખુસિંહ પરમારને ફરીથી મેદાનમાં ઉતાર્યા હતા તેની સામે કોંગ્રેસે પણ ચાલુ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને રીપીટ કર્યા હતા. વિધાનસભા બેઠક ઉપર રસાકસી ભર્યા જંગમાં આખરે પ્રજાએ ભાજપા તરફી મતદાન કરી વિકાસ માટે પોતાના જનમત આપ્યો જેમાં પરિણામો જાહેર થયા પછી મોડાસા વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર જંગી લીડથી વિજયી થયા હતા. ઘણા સમય પછી કોંગ્રેસનો ગઢ ગણાતી વિધાનસભા બેઠક ભાજપાએ આંચકી લેતાં આ વખતે રાજ્ય સરકારના મંત્રી મંડળમાં અરવલ્લી જિલ્લાને સ્થાન મળશે તેવી આશાઓ જાગી હતી જે અંતે ફળીભૂત થઈ છે. મોડાસા વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભીખુસિંહ પરમારને ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સ્થાન આપવામાં આવતાં જિલ્લાવાસીઓમાં હરખ જોવા મળ્યો. જિલ્લાને પ્રથમવાર ભાજપ સરકારમાં પ્રધાન પદ મળ્યું હોવાના કારણે ભાજપ કાર્યકરોમાં પણ ઉત્સાહ બેવડાયો છે.

# પ્રાંતિજના બોરીયા સીતવાડા ખાતે ગટર લીકેજ થતા રોડ ઉપર ગદું પાણી ફળી વળ્યું

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામે ગટર લીકેજ થતા રોડ ઉપર ગદુપાણી ફરી વળ્યુ છે તો દુરગંધ મારતા રોડ ઉપર રોજીદુ અવરજવર કરતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

પ્રાંતિજ ના બોરીયા સીતવાડા ખાતે છેલ્લા એક સપ્તાહ થી ગટર લીકેજ ને લઈ ને ગટરનુ ગદુપાણી રોડ ઉપર આવતા રોડ ઉપર થી અવરજવર કરતા લોકોને હાલાકી પડી રહી છે તો બીજીબાજુ ગટર નુ પાણી માંથી દુરગંધ મારતા અહીથી અવરજવર કરતા લોકોના નાક ના ટેડવા પણ ચડી ગયા છે ત્યારે રજુઆત બાદ પણ વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ના ધરાતા ગામજનો મા રોષ જોવા મળી રહ્યો છે તો બીજીબાજુ ગટર લાઈન તળાવ માં નાખવામા આવતા તળાવ મા ગદુપાણી જતા તળાવ પાસે રહેતા લોકો પણ ગદાપાણી ની બદબુને લઈ ને ત્રાહિમામ પોકારી ઉઠયા છે તો હાલતો આ ગામ મા સરપંચ વિહોણુ ગામ છે અને અહી વહીવટી તંત્ર દ્વારા વહીવટ કરાતા ગામમા કોઈ જોવા વાળુ ના હોય તેવુ જણાઈ આવે છે ત્યારે રજુઆત બાદ પણ અહી કોઈ ડોકયુ કરવા પણ આવતુ નથી ત્યારે હાલતો ગટર ઉભરાતા ભર શિયાળે ચોમાસા જેવા દશ્યો જોવા મળ્યા છે.



### પ્રમુખ સ્વામી શતાબ્દિ મહોત્સવ

# જિલ્લાના ૪૦ હજારથી વધુ હરિભક્તો સેવાકાર્યમાં જોડાયા

**૬૦૦ એકર જમીનમાં અદ્ભૂત પ્રમુખ સ્વામીનગર વિશ્વનું ઉદાહરણ બનશે**

બાયડ, તા.૧૨

અમદાવાદમાં ૬૦૦ એકર જમીનમાં તૈયાર થયેલ પ્રમુખ સ્વામીનગર મહોત્સવનો તા.૧૪ ડિસેમ્બરે વડાપ્રધાન કરાવવાના છે ત્યારે જિલ્લાના ૪૦ હજારથી વધુ હરિભક્તો સેવા કાર્યમાં જોડાયા છે. જ્યારે જિલ્લાના અન્ય રાજ્ય અને વિ વસતા હરિભક્તો પણ સેવા કાર્ય માટે અમદાવાદ આવ્યાનું જાણવા મળ્યું છે. અંદાજીત ૬૦૦ એકર જમીનમાં સાકાર કરાયેલ સ્વામીનગર વિશ્વનું ઉત્તમ ઉદાહરણ બનશે. તા.૧૫ ડિસેમ્બર થી ૧૫ જાન્યુઆરી સુધી ૧ મહિના સુધી મહોત્સવ યોજાવવાનો પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રમુખ સ્વામી મહારાજની જન્મ શતાબ્દિ મહોત્સવનું અમદાવાદને આંગણે આયોજન થયું છે. અનેક હરિભક્તોએ તેમાં શ્રમદાન થકી સેવા આપી હતી. ૧ મહિના સુધી ચાલનારા ઈન્ટરનેશનલ કાર્યક્રમમાં સ્વામીનારા સંતોથી માંડી દેશ અને વિશ્વના વી.વી.આઈ.પી. લોકો પણ આવવાના છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મહંત સ્વ હસ્તે તા.૧૪ ડિસેમ્બરે પ્રમુખ સ્વામી શતાબ્દિ મહોત્સવ ખુલ્લો મૂકાશે. ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તા હરિભક્તોએ જણાવ્યું કે આ એક અકલ્પનિય શતાબ્દિ મહોત્સવ બની રહેવાનો છે. પ્રમુખ સ્વામીનગરમાં અનેક પ્રકારના આ ઉભા કરવામાં આવ્યા છે જેમાં ૧૦ એકર જમીનમાં ફેલાયેલો ગ્લો ગાર્ડન જેમાં અંદરથી પ્રકાશિત થાય તેવા સ્વયંસેવકોએ બ વિશાળ કદના ૮૦૦૦થી વધુ ફૂલ ઝગમગી ઉઠશે. મહોત્સવ સ્થળમાં પ્રવેશવા માટે ૭ પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યા છે જે પૈક પ્રવેશદ્વાર સંતદ્વાર તરીકે ઓળખશે. જે કલાત્મક ૩૮૦ ફૂટ પહોળો છે. જ્યારે મહોત્સવના કેન્દ્રમાં ૪૦ ફૂટ પહોળી અને ૧૫ ફ્ પીઠીકા પર પ્રમુખ સ્વામી મહારાજની ૩૦ ફૂટ ઉંચી સ્વર્ણિમ મૂર્તિ ઉભી કરવામાં આવી છે. દિલ્હીના સ્વામિનારાયણ અક્ષર પ્રતિકૃતિ રુપે ૬૦ ફૂટ ઉંચા મંદિરમાં કુલ-૫ વિશાળ ઘુમ્મટ નીચે સનાતન ધર્મના દિવ્ય દેવસ્વરુપો દર્શન આપે છે. જિલ્લાના હરિભક્તોએ પોતાના સબંધીઓના લગ્ન સહિતના અન્ય શુભ તેમજ ખરાબ પ્રસંગો પણ પડતા મૂકીને અમદાવાદ ખાતેના મહોત્સવની તૈયારીમાં દિવસ-રાત શ્રમદાન કર્યાનું પણ જાણવા મળ્યું છે.

# એક મહિના સુધી શુભ/માંગલિક પ્રસંગો માટે બ્રેક લાગશે

ભિલોડા,તા.૧૨

ભારતીય સંસ્કૃતિ મુજબ શુભ પ્રસંગો શુભ મુહૂર્ત દરમિયાન કરવા જોઈએ તેમ જ્યોતિષ શાસ્ત્ર અનુસાર કમુરતા દરમિયાન શુભ અને માંગલિક પ્રસંગો થઈ શકતા નથી, જ્યોતિષ શાસ્ત્ર મુજબ તા. ૧૬મી ડિસેમ્બરને શુક્રવારના રોજ કમુરતાનો શુભારંભ થશે એક મહિના સુધી શુભ અને માંગલિક પ્રસંગોની બ્રેક લાગશે તેમ વિજયનગર તાલુકાના ચિતરીયા ગામના જ્યોતિષ દેવશંકર ભટ્ટએ જણાવ્યું હતું. ૧૬મી ડિસેમ્બરે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે ત્યારે ધનારક કમુરતાનો શુભારંભ થશે,એક મહિના સુધી શુભ પ્રસંગો થઈ શકશે નહીં,કમુરતા પૂર્ણ થયા બાદ શુભ પ્રસંગો થશે, હિન્દુ ધર્મમાં કોઈ પણ શુભ મુહૂર્ત કરતા પહેલા શુભ મુહૂર્ત,ગ્રહ નક્ષત્રના વક્રી,અસ્ત, ઉદય,સ્તંભ, સ્થિતિ શાસ્ત્રમાં શુભ ચોધડીયા જોયા બાદ જ શુભ પ્રસંગો થાય છે. તા.૧૬મી ડિસેમ્બરને શુક્રવારના રોજ ૯:૫૯ કલાકે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે ધનારક કમુરતાનો શુભારંભ થશે, તા.૧૪મી જાન્યુઆરી ને શુક્રવારના રોજ (ઉત્તરાયણ) સુધી કમુરતા રહેશે ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે, વેવિશાળ,લગ્ન, ખાતમુહૂર્ત,ઉદ્ઘાટન,ગૃહ પ્રવેશ,વાસ્તુ, કાર,જમીન સહિત લઈ શકાશે નહીં તેમજ શુભ પ્રસંગો કરવા માટે શાસ્ત્ર મુજબ એક મહિનાનો સમય યોગ્ય નથી ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે,એક મહિના સુધી શુભ અને માંગલિક પ્રસંગોની બ્રેક રહેશે,લગ્નની શરણાઈના સુર સંભાળાઈ શકશે નહીં, કમુરતા શરૂ થશે ત્યારે બજારમાં એકંદરે એક મહિના સુધી મંદી નો માહોલ રહેશે , ભારતીય સંસ્કૃતિમાં શુભ મુહૂર્ત નું વિશેષ મહત્વ ૨૧મી સદીના હાઈટેક યુગમાં આજે પણ અંકબધ્ધ છે. જ્યોતિષ શાસ્ત્રમાં શ્રધ્ધા ધરાવતા હિંન્દુઓ કમુરતા દરમિયાન શુભ અને માંગલિક કાર્યો કરતા નથી , જમીન,પ્લોટ,મકાન,કાર,બાઈક ખરીદતા નથી ? શુભ મુહૂર્ત દરમિયાન જ શુભ કાર્યો કરતા હોય છે.ઉત્તરાયણ બાદ પુન :- બજારોમાં તેજીનું આગમન થશે તેમ જાણવા મળેલ છે.

# પાલનપુરના ડોકટર હાઉસમાં પાર્ક કરલે બાઈકની ઉઠાંતરી

પાલનપુર તા.૧૨

પાલનપુરના ડોકટર હાઉસના એક દવાખાનામાં પોતાની માતાનું ઓપરેશન કરાવવા આવેલ ડીસા તાલુકાના ચંદાજી ગોળીયા ગામના એક યુવકના બાઈકની ઉઠાંતરી થવા પામી છે જોકે પાલનપુરમાં વધતા જતા બાઈક ચોરીના બનાવોને લઈ લોકોમાં ફફડાટ ફેલાયો છે. ડીસા તાલુકાના ચંદાજી ગોળીયા ગામના વતની અને દાંતીવાડાના આકોલી ગામે ખેત મજુરી કરતા નવીનભાઈ નેમાભાઈ માળી ગત.તા.૨૨ નવેમ્બરના રોજ પાલનપુરના ડોકટર હાઈસમાં આવેલ દેસાઈ હોસ્પિટલમાં પોતાની માતાનું ઓપરેશન કરાવવા આવ્યા હતા. દરમ્યાન તેમને તેમનું બાઈક હોસ્પિટલના દરવાજા આગળ પાર્ક કર્યું હતું દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ ૩૦ હજારની કિંમતના બાઈકની ચોરી કરી ગયો જે અંગે બાઈક માલિકે ફરિયાદ નોધાવતા પોલીસે શહેરમાં બાઈક ચોરી કરતા તત્વોની શોધખોળ હાથ ઘરી છે.

# બનાસ જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે દર્દીની નિઃશુલ્ક સારવાર કરાઈ

**૪૦ વર્ષની મહિલાને શ્વાસ, ફેફસાનું ટીબી તેમજ થાયરોઈડની બીમારી હોવાથી સારવાર કરી ૧૪ દિવસે સ્વસ્થ થતા રજા આપવામાં આવી**

પાલનપુર તા.૧૨

બનાસ ડેરીના ચેરમેન અને બનાસ મેડીકલના કોલેજના આદ્યસ્થાપક શંકરભાઈ ચૌધરીના અથાગ પ્રયત્નો થકી આજે પશુપાલકની એકમાત્ર જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર અત્યંત આધુનિક તબીબી સારવારમાં જીલ્લામાં મોખરે છે, મેડીકલ કોલેજના ચેરમેન પી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે તમામ વિભાગોમાં ઉત્કૃષ્ઠ સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે ગત તારીખ ૧/૧૧/૨૦૨૨ના દિવસે સાંતલપુર તાલુકાના વારાહી ગામના વતની બિસુબેન અજીતભાઈ ઘાંચી ઉંમર વર્ષ ૪૦ જેઓને શ્વાસ તેમજ ફેફસાનું ટીબી તેમજ થાયરોઈડની ગંભીર બીમારી હોવાથી બનાસ સિવિલ પાલનપુર ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જોકે તેઓને પ્રથમ દિવસે હોસ્પિટલ લાવવામાં આવ્યા ત્યારે તેમની હાલત હતી ગંભીર હતી, ઓક્સિજનનું પ્રમાણ ઘટી ગયું હતું. શ્વાસો શ્વાસોનું પ્રમાણ વધારે હતું, ફેફસાનું ટીબી,હૃદયનું દબાણ તેમજ થાયરોઈડની બીમારી હતી. ત્યારે બનાસ સિવિલના સુપ્રીટેન્ડેન્ટ સુનીલ જોષીના માર્ગદર્શન હેઠળ તેમને તાત્કાલિક વેન્ટીલેટર મશીન સહીત આઈસીયુ માં સારવાર



આપવામાં આવી હતી. સારવારના કારણે દર્દીની તબિયત સમયાંતરે સુધારાપર આવતા ૧૦ દિવસ બાદ દર્દીને વેન્ટીલેટરની જરૂરિયાત દુર થવા લાગી હતી. ત્યારબાદ ઓક્સિજનની જરુરિયાત ઘટતા તા.૧૪/૧૧/૨૦૨૨ના રોજ દર્દીની તબિયતમાં સુધારો આવી ગયેલ ત્યારે તેમને જરૂરી દવાઓ આપી રજા આપવામાં આવી હતી આ સારવાર દરમિયાન તેમણે જરૂરી ઈન્જેકશનથી લઈને તમામ જરૂરી સારવાર તદન નિશુલ્ક આપવામાં આવી હતી. જોકે આ પ્રકારની ટ્રીટમેન્ટ પ્રાઈવેટ હોસ્પિટલમાં જો લેવામાં આવે તો દિવસનો અંદાજીત એક દિવસનો ખર્ચ ૧૦ થી ૧૫ હજાર થતો હોય છે ત્યારે બનાસ જનરલ હોસ્પિટલમાં લાખો રૂપિયાના ખર્ચે થતી સારવાર મફત કરવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લામાં પશુપાલકોની એકમાત્ર હોસ્પિટલમાં નિશુલ્ક સારવાર આપી આત્મનિર્ભર બનવામાં મદદરૂપ બની રહી છે ત્યારે વિભાગના ડો ,બ્રિજેશ ચોહાણ, ડો,સચિન પટેલ, ડો ,ધ્રુવ પટેલ,ડો મનીષા નીનામા ,ડો રુચિ કચોરીયા સહીત નર્સિંગ સ્ટાફ દ્વારા ૧૪ દિવસની સારવાર બાદ દર્દીને સ્વસ્થ થતા રજા આપવામાં આવી હતી. જોકે આ અંગે દર્દીના પતિએ જણાવ્યું હતું કે ,અમારી નજીકની હોસ્પિટલમાં સાત એક મહિના સુધી દવાઓ લીધી પણ ફરક ના પડતા થરાદના ડોક્ટરોની સલાહસૂચન પ્રમાણે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આવતા આજે અમોને રજા મળી છે માટે તમામ ડોક્ટર સહીત સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અકસ્માતમાં હિંમતનગરના દલામલીના પરિવારનો આબાદ બચાવ....!!!

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના તાજપુર કુઈ પાસે અમદાવાદ થી હિંમતનગર તરફ જઈ રહેલ બસ પાછળ કાર ધુસી જતા અકસ્માત સર્જાયો હતો તો કાર મા સવાર ત્રણ નો આબાદ બચાવ થયો હતો. અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ ના તાજપુર કુઈ પાસે અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જઈ રહેલ બસ નંબર-GJ18Z4298 ની પાછળ હિંમતનગર તરફ જઈ રહેલ કાર નંબર GJ01KH -1949 નો ચાલક કાર લઈ ને આવી રહેલ હતો તે દરમ્યાન એક દમ કારની બ્રેક ફેલ થતા આગળ જઈ રહેલ બસ પાછળ કાર ધુસી ગઈ હતી તો હિંમતનગર ના દલામલીના પટેલ રમણભાઈ નો પરિવાર સાથે આબાદ બચાવ થયો હતો તો અકસ્માત મા કાર નો આગળ નો ભાગ કુચડો થઈ ગયો હતો.





# ચંડીસરના વેપારીને એરંડાના બાકી નાણાં ચૂકવી દેવા ધમકી અપાઈ

**ઓઇલ મિલમા આગ લાગતા વેપારીએ ખરીદેલ એરંડાના પૈસા ચૂકવી ન શકતા ધમકી મળી : ડીસાબે વેપારી નાણાંની વસૂલી માટે ગોંડલના બે શખ્સોનો સહારો લીધો**

પાલનપુર તા.૧૨

પાલનપુર તાલુકાના ચંડીસર ગામની જીઆઈડીસીમા આવેલ એક ઓઈલ મિલમા ત્રણ વર્ષ અગાઉ આગ લાગતા વેપારીને નુકશાન થયું હતું જોકે આ વેપારી એ ડીસા અને લાખણી ની ટ્રેડિંગ કંપનીમાંથી એરંડા ખરીધ્યા હતા.

જેના નાણાં આ વેપારીઓ ને સમયસર ચૂકવી ન શકતા બાકી નાણાંની વસૂલી માટે બન્ને વેપારીએ ગોંડલના બે ઈસમોને વસુલાતનો હવાનો બાંકી નાણાં મામલે વેપારીના ભાઈ ને ટેલીફોનક ધમકી આપવામાં આવતા આ મામલે વેપારીએ ડીસા ના બે વેપારી સહીત ચાર ઈસમો સામે ગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ચંડીસર જીઆઈડીસી માં કૈલાશ ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ ધરવતા મૂળ રાજકોટના વેપારી કેશવલાલ કડવાભાઈ ભેસાણીયા (પટેલ)ની આ ફેકટરીમાં ૨૦૧૯ માં આગ લાગતા ફેકટરીમાં રહેલ સર સમાન બલી ને ખાખ થઈ ગયો હતો. જોકે આ વેપારીએ ડીસામાં વાલાભાઈ નાડોદાની ભોલેનાથ ટ્રેડિંગ ડીસા અને લાખણી ખાતે આવેલી તેમની ભોલેનાથ એન્ટરપ્રાઈઝ તેમજ ડીસામાં નરસિંહ વાંઢેર ની ભવાની ટ્રેડિંગ વાળા પાસે થી એરંડા લીધા હતા પરંતુ ફેકટરીમાં નુકશાન થવા થી અને વીમા કંપની દ્વારા નુકશાન નું વળતર ચુકવવામાં ન આવતા આ વેપારી એરંડા ના બાકી પૈસા વેપારીઓ ને સમયસર ચૂકવી ન શકતા આ બન્ને વેપારી વીસેક દિવસ પહેલા ચંડીસર ફેકટરી પર ભંગાર કાઢતા મજૂરો નવા બહાર કાઢી ફક્ત્રી ને તાળું મારવાં ની વાતો કરી ફેકટરીના માલિકના નાના ભાઈ દીપકને બાકી પૈસા આપી દેવા ધમકી આપી જે બાદ ગોંડલ ના મહેન્દ્રસિંહ રાજપૂત અને સલીમ નામના ઈસમો એરંડા ના બાકી નાણાં ચૂકવી દેવા ફેકટરીના માલીક ને અવાર નવાર ટેલિફોન પર ધમકી આપતા હોઈ ફેકટરીના માલિકે આખરે એરંડા આપનાર ડીસાના બે વેપારી અને ગોંડલના બે ઈસમો સામે ગઢ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે.

# મોડાસા કોર્ટ સંકુલમાં ઠેકેદારનું સફાઈ કામદારો સાથે શોષણ

### પ્રોવિડંડ ફંડની રકમ ચૂકવાતી ન હોવાનો ગંભીર આરોપ

બાયડ, તા.૧૨

કોઈને અન્યાય થતો હોય તો ન્યાય મેળવવા માટે અરજદાર કોર્ટનાં દ્વાર ખખડાવતો હોય છે પરંતુ કોર્ટ સંકુલમાં જ કામ કરતા સફાઈ કામદારોને ઠેકેદાર દ્વારા અન્યાય કરવામાં આવતો હોય તો સફાઈ કામદારો કોની પાસે ન્યાયની આશા રાખે તે સવાલ મોડાસા કોર્ટ સંકુલમાં ફરજ બજાવતા સફાઈ કામદારો માટે પેચીદો બન્યો છે. ઘણા સમયથી કોર્ટ સંકુલમાં સાફસફાઈનો ઠેકો રાખનાર જવાબદારે પ્રોવિડંડ ફંડની રકમ ન ચૂકવી સફાઈ કામદારોને ડીંગો બતાવ્યાની ગંભીર ચર્ચા શરુ થઈ છે. અરવલ્લી જિલ્લામાં સરકારી ઈમારતો, બસ મથકોમાં સાફસફાઈનો ચોક્કસ એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવ્યા છે. સફાઈ કામદારોને મામૂલી વેતન ચૂકવી ઠેકેદારો મોટી ખાયકી કરતા હોવાના ગંભીર આરોપો વચ્ચે મોડાસા કોર્ટ સંકુલમાં છેલ્લા ઘણા સમયથી ફરજ બજાવતા સફાઈ કામદારો સાથે હવે પ્રોવિડંડ ફંડની રકમ ન ચૂકવી ઠેકેદાર દ્વારા અન્યાય કરવામાં આવતો હોવાના ગંભીર આરોપ બહાર આવ્યા છે. કેટલાક સફાઈ કામદારો દ્વારા આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ચીમકી આપવામાં આવતાં ગણ્યા ગાંઠ્યા સફાઈ કામદારોને પ્રોવિડંડ ફંડની રકમ ચૂકવી અગાઉ મામલો થાળે પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ હજુ સુધી કોર્ટ સંકુલમાં ફરજ બજાવતા ૧૦થી પણ વધુ સફાઈ કામદારોને પ્રોવિડંડ ફંડની પૂરતી રકમ સફાઈ ઠેકેદાર દ્વારા ચૂકવવામાં આવી ન હોવાથી આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ ફરિયાદના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આમપ્રજા અને શોષિત વર્ગ કોર્ટ પાસે હંમેશાં ન્યાયની આશા રાખતો હોય છે પરંતુ કોર્ટ સંકુલમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને સંપૂર્ણ ન્યાય ક્યારે મળશે ??

**૨-૩ સફાઈ કર્મચારીઓને અગાઉ પી.એફ. ચૂકવ્યું છે - કોન્ટ્રાક્ટરનો લૂલો બચાવ**

મોડાસા કોર્ટમાં સફાઈનું કામ કરતા કોન્ટ્રાક્ટરે જણાવ્યું હતું કે અગાઉ ૨-૩ કર્મચારીઓનો પી.એફ.નો પ્રશ્ન હતો પરંતુ તેમને તેની રકમ ચૂકવી દેવામાં આવી છે. હાલ કોઈ કર્મચારીના પી.એફ.નો કોઈ પ્રશ્ન જ નથી તેવો લૂલો બચાવ કરવામાં આવ્યો હતો.